ગુજરાત પાણી પુરવઠા ગટર વ્યવસ્થા બોર્ડ
GWSSB CPF TRUST

# Gujarat Water Supply & Sewerage Board

(A Government of Gujarat Undertaking)
Jalseva Bhavan, "Chh" Road, Sector 10-A, Gandhinagar – 382010
Phones: 079 – 23222263, 23222547, 23225972
Fax : 079 – 23222684/ 23230623
**Website:** www.gwssb.gujarat.gov.in **E-mail**: cpf.gwssb@gmail.com

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

ક્રમાંક/એબી-૧૮/સી.પી.એફ રીકન્સીલેશન૧૬-૧૭/૬૭૨/૨૦૧૮ તા.૨૪/૦૨/૨૦૧૮

પ્રતિ,
મુખ્ય ઈજનેરશ્રી ,
ઝોન-૧-૨-૩-૪-૫
વડોદરા/અમદા વાદ/રાજકોટ /ભુજ/જુનાગઢ
નિયામક શ્રી,જલસેવા તાલીમ સંસ્થા, સે-૧૫ ગાંધીનગર

વિષય:- **<u>વર્ષ ૨૦૧૭-૧૮ ની સી.પી.એફ. ની કપાત તેમજ તેને લગતી અન્ય બાબતનુ "રીકન્સીલેશન" કરવા બાબત.</u>**

સંદર્ભ:- ક્રમાંક/એબી-૧૮/સી.પી.એફરીકન્સીલેશન૧૭-૧૮/૬૭૦/૨૦૧૮ તા.૨૪/૦૨/૨૦૧૮.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ તળેના પત્રથી બોર્ડની તમામ ઈ.ડી કચેરીઓને નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ ની માહે માર્ચ-૧૭ થી ફેબ્રુઆરી-૧૮ સુધી ની ચાલુ નાણાંકીય વર્ષની કપાતો અત્રે મળેલ છે. જેની વિગત આ સાથે દરેક ઈ.ડી કચેરી ને મોકલી આપવામાં આવેલ છે. આપશ્રીને સદર ઈડી કચેરીના પે-બીલના રેકર્ડ તેમજ આપના હિસાબીશાખાના ફોર્મ-૮૦ પત્રક સાથે <u>હિસાબી સદર ૧૩૦૧-૦૦/ ૧૩૦૧-૦૧ અને ૨૯૧૩-૨૩</u> વિભાગીય હિસાબનીશને સાથે રાખી સરખામણી કરીને વિસંગતતા છે કે કેમ? તેની વિગતો સંદર્ભ તળેના પત્રથી મોકલવામાં આવેલ પત્રક મુજબ ચકાસણી કરી આપના વિભાગીય હિસાબનીશશ્રી અને અધિકારીશ્રીના સહી સિક્કા સાથે રૂબરૂમાં પરત કરવા જણાવવામાં આવેલ તે મુજબ <u>ની કાર્યવાહી સદર કામગીરી સંભાળતા કર્મચારીએ જાતે જ રૂબરૂમાં અત્રેની શાખામાં સદર પત્રક તેમજ માહે ફેબ્રુ-૧૮ paid in માર્ચ-૧૮ની CPF J.E. લઈને આવવાનું રહેશે. જેની નોંધ લઈને અત્રે ઉપસ્થિત રહેવા જણાવવા માં આવેલ તે મુજબ હાજર રહેવા આપની કક્ષાએ થી સુચના આપવા વિનંતી છે.</u>

ઈ.ડી. કચેરી ધ્વારા કરવામાં આવતી ભુલોના કારણોસર વાંધા અરજીઓ થવા પામે છે. જેને કારણે સી.પી.એફ. સ્લીપ ઈસ્યુની કામગીરીમાં વિલંબ થાય છે. જેથી ઈ.ડી. કચેરી ધ્વારા આવી કોઈ પ્રકારની ભુલો થયેલ નથી તેની ચકાસણી કરીને તે મતલબનું પ્રમાણપત્ર પણ સાથે લઈને આવવાનું રહેશે આવી અન્ય કોઈ પ્રકારની ભુલો જો ઈ.ડી. કચેરીના ધ્યાને આવેલ હોય તો તેની પણ વિગતો અને વ્યકતિગત કિસ્સામાં જણાયેલ બાબતની વાંધા અરજીની નકલ સાથે લઈને આવવાની રહેશે. જેથી, ચાલુ નાણાકીય વર્ષમાં સદર બાબતોનો સુધારો ધ્યાન પર લઈને જરૂરી સુધારા વધારા કરી શકાય. આપના સ્તરેથી આ બાબતની સુચના આપવા વિનંતી છે.

<u>*તા.ક સંદર્ભ માં જણાવેલ પરીપત્રની નકલ તેમજ ઈ.ડી તરફથી અત્રેની કચેરીને મળેલ કપાતની શીટ "એમ્પલોઈઝ એરીયા" માં બોર્ડ ની વેબસાઈટ* **www.gwssb.gujarat.gov.in/** *ઉપર મુકવામાં આવેલ છે. જો પરિપત્ર /પત્રકના મળેલ ન હોય તો તેની પરથી મેળવી શકાશે જેની નોંધ લેશો*</u>

(બી.બી ચૌહાણ)
સીની. મેનેજર(ના/હિ)

**Gujarat Water Supply & Sewerage Board**
(A Government of Gujarat Undertaking)
Jalseva Bhavan, "Chh" Road, Sector 10-A, Gandhinagar – 382010
Phones: 079 – 23222263, 23222547, 23225972
Fax : 079 – 23222684/ 23230623
GWSSB CPF TRUST
Website: www.gwssb.gujarat.gov.in E-mail: cpf.gwssb@gmail.com
एक कदम स्वच्छता की ओर

ક્રમાંક/એબી-૧૮/સી.પી.એફરીકન્સીલેશન૧૭-૧૮/૬૭૦/૨૦૧૮ તા.૧૪/૦૨/૨૦૧૮

પ્રતિ,
અધિક્ષક ઈજનેરશ્રી તમામ
કાર્યપાલક ઈજનેરશ્રી તમામ
કા.ઈ.શ્રી(વ),જલસેવા તાલીમ સંસ્થા સે-૧૫ ગાંધીનગર

વિષય:- વર્ષ ૨૦૧૭-૧૮ ની સી.પી.એફ ની કપાત તેમજ તેને લગતી અન્ય બાબતનુ "રીકન્સીલેશન" કરવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે બોર્ડની તમામ ઈ.ડી કચેરીઓને જણાવવાનુ કે, આપના તરફથી નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન દર માસે પગારમાંથી સી.પી.એફ ની કપાતો જેવી કે સી.પી.એફ.@૧૦%, અન્ય સી.પી.એફ. કપાત, વી.પી.એફ., એડ્વાન્સ રીકવરી વિગેરે જેવી કપાતો કર્યા બાદ ઈ-મેઈલ ધ્વારા તથા સહી સિક્કા સાથેની વિગતના જે.ઈ.ના પત્રકો અત્રે સાદર કરવામાં આવે છે જેનાથી આપ સર્વે વિદિત છો.

નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ હાલ પુર્ણતાના આરે છે. આપની કચેરીની માહે માર્ચ-૧૭ થી ફેબ્રુઆરી-૧૮ સુધીની ૧૧ માસની ચાલુ નાણાંકીય વર્ષની કપાતો અત્રે મળેલ છે. જેની વિગત આ સાથે ચકાસણી અર્થે મોકલી આપવામાં આવે છે. આપશ્રીને આપની કચેરીના પે-બીલના રેકર્ડ તેમજ આપના હિસાબી શાખાના ફોર્મ-૮૦ પત્રક સાથે <u>હિસાબી સદર ૧૩૦૧-૦૦/ ૧૩૦૧-૦૧ અને ૨૯૧૩-૨૩</u> વિભાગીય હિસાબનીશને સાથે રાખી સરખામણી કરીને વિસંગતતા છે કે કેમ? તેની વિગતો આ સાથે મોકલવામાં આવેલ પત્રક (પાછળ) મુજબ ચકાસણી કરી આપના વિભાગીય હિસાબનીશશ્રી અને અધિકારીશ્રીના સહી સિક્કા સાથે રૂબરૂમાં ૦૨ (બે) કોપીમાં ફરજીયાત નિયત પત્રક પરત કરવા જણાવવામાં આવે છે. <u>સદર કામગીરી સંભાળતા કર્મચારીએ જાતે જ રૂબરૂમાં અત્રેની શાખામાં સદર પત્રક તેમજ માહે ફેબ્રુ-૧૮ paid in માર્ચ-૧૮ની CPF J.E. લઈને રૂબરૂમાં આવવાનું રહેશે. જેની સર્વે નોંધ લેશો.</u>

વધુમાં જણાવવાનુ કે, આપની કચેરીના સી.પી.એફ. કપાત પત્રક અત્રે મોકલવામાં આવે છે. જેમાં ઘણીવાર નીચે મુજબના કારણોસર કર્મચારીની સી.પી.એફ. સ્લીપમાં ભુલો આવે છે.

1. કર્મચારીના ખોટા નામ અને નંબર વારંવાર ભુલ સુધાર્યા વગર મોકલી આપવામાં આવે.
2. વી.પી.એફ ની રકમ પેશગીમાં તથા પેશગીની રકમ વી.પી.એફ માં બતાવવામાં આવે.
3. અન્ય કપાત જે ડબલ થવા પાત્ર રકમ વી.પી.એફ તરીકે અથવા તો વી.પી.એફ. ની રકમ અન્ય કપાતમાં મોકલવામાં આવે છે.

ઈ.ડી. કચેરી ધ્વારાકરવામાં આવતી સદર ભૂલોના કારણોસર વાંધા અરજીઓ વધી જવા પામે છે. તેમજ સી.પી.એફ. સ્લીપ ઈસ્યુની કામગીરી માં વિલંબ થવા પામે છે. જેથી ઈ.ડી. કચેરી ધ્વારા આવી કોઈ પ્રકારની ભુલો થયેલ નથી તેની ચકાસણી કરી એ મતલબનું પ્રમાણપત્ર પણ સાથે લઈને આવવાનું રહેશે. આવી અન્ય કોઈ પ્રકારની ભુલો જો ઈ.ડી. કચેરીના ધ્યાને આવેલ હોય તો તેની પણ વિગતો સાથે લાવવાની રહેશે. જેથી, ચાલુ નાણાંકીય વર્ષમાં સદર સુધારો કરી શકાય.

બિડાણ:- ઉપર મુજબ માસ વાર CPF JE ની વિગત દર્શાવતું પત્રક પાછળના પાના પર સામેલ છે.

(બી.બી ચૌહાણ)
સીની. મેનેજર(ના/હિ)

ખાસ નોંધ :- સદર માહિતી સાથે અત્રે ઉપસ્થિત નહી રહેનાર સંલગ્ન કર્મચારીની માહીતિનો સુધારો ધ્યાન પર લેવાનો રહેતો નથી તેમ માની લેવામાં આવશે અને તેની જવાબદારી જેતે કચેરીની રહેશે.વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન આપની કચેરીના કર્મચારીઓની ભુલોની કરવામાં આવેલ વાંધા અરજીની નકલ તથા તેનું લીસ્ટ બનાવીને રૂબરૂમાં લાવવાનું રહેશે. જેથી અગાઉ રહી ગયેલ ભુલો વર્ષ ૨૦૧૭-૧૮ની સી.પી.એફ. સ્લીપમાં આવરી શકાય.